| | |
|---|---|
| | દાખલ થયા તારીખ–૧૦/૦૩/૨૦૨૬ |
| | રજીસ્ટર થયા તારીખ–૧૦/૦૩/૨૦૨૬ |
| | જાહેર કર્યા તારીખ–૨૮/૦૪/૨૦૨૬ |

सत्यमेव जयते

**<u>મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ ગરુડેશ્વર, જી.નર્મદા</u>**

ક્રિમીનલ કેસ નંબર–૩૫૯/૨૦૨૬

આંક–

ફરીયાદી: સરકારશ્રી

**<u>વિરૂધ્ધ</u>**

આરોપી : વિશાલભાઇ હસમુખભાઇ સોલંકી
રહે.બી–પતરા,રૂમ નં.૧૧૪,કેવડીયા કોલોની,
તા.ગરૂડેશ્વર,જી.નર્મદા.

ગુનો: બી.એન.એસ.એસની કલમ–૨૮૧ તથા
એમ.વી.એકટની કલમ–૩,૧૮૧,૧૭૭ મુજબ

---------------------------------------

સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી આર.બી.વસાવા
આરોપી તરફે વિ.વ.શ્રી એ.એ.દાયમા

---------------------------------------

**<u>જજમેન્ટ</u>**

(૧) આ કામના ફરીયાદીની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૮/૧૦/૨૦૨૫ ના ક.૧૩/૧૫ વાગે મોજે પથીકા ત્રણ રસ્તા ખાતે પોતાના કબ્જાની બ્લેક કલરની હીરો કંપનીની સ્પેલેંડર મો.સા જેનો રજી નં–GJ–૨૨–B–૯૨૨૬ ની જાહેર રોડ ઉપર ગફલતભરી રીતે લાયસન્સ

વગર હંકારી લાવી વાહન ચેકીગ દરમ્યાન પકડાઈ જઈ,બી.એન.એસ.એસની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૩,૧૮૧,૧૭૭ મુજબનો ગુનો બાબત.

**(૨)** બનાવની વિગતવારની ફરીયાદ એકતાનગર પો.સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૮૨૩૦૧૪૨૫૦૩૮૭/૨૦૨૫ થી દાખલ થતા આ કામે ગુનો દાખલ કરી તપાસ કરનાર અધિકારી ધ્વારા તપાસ કરી જરૂરી પુરાવો રજુ કરી આરોપી સામે પુરતા પુરાવા મળી આવતા બી.એન.એસ.ની કલમ ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૧૮૧,૧૭૭,૩ મુજબ હાલનું ચાર્જશીટ રજુ કરતા આ કેસ ઉપસ્થિત થયેલ છે.

**(૩)** પોલીસ અહેવાલ રજુ થતા બી.એન.એસ.એસ.ની કલમ–૨૧૦ (૧) (ખ) આધારે આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૧૮૧,૧૭૭,૩ ના ગુના અંગેનું સંજ્ઞાન લઈ, બી.એન.એસ.એસ.ની કલમ–૨૨૭ અન્વયે સમન્સ કરતા આરોપી હાજર થતા બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાતરી કર્યા બાદ આંક–૬ અન્વયે પ્લી નોંધવામાં આવતા તે વં સંભળાવતા અને સમજાવતા ગુના અંગે પૂછવામાં આવતા ગુન્હો કર્યા અંગેનો ઈન્કાર કરતા ફરીયાદપક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૪)** ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

## મૌખિક પુરાવા:–

(૧) આંક–૦૮ થી ફરીયાદી અમરસિંહ ખાતુડીયાભાઈની જુબાની

(૨) આંક–૧૦ થી પંચસાહેદ વિષ્ણુભાઈ નાગજીભાઈ તડવીની જુબાની

(૩) આંક–૧૨ થી પંચસાહેદ પ્રકાશભાઈ પ્રેમાભાઈ તડવીની જુબાની

(૪) આંક–૧૩ થી ત.ક.અમલદાર અરવિંદભાઈ કીલ્યાભાઈની જુબાની

## દસ્તાવેજી પુરાવા:–

(૧) આંક–૧૧ થી આરોપીની શરીરસ્થિતિનું પંચનામુ

(૨) આંક–૦૯ થી અસલ ફરિયાદ

(૫) આ કામે આરોપીપક્ષ તરફે કોઈપણ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

(૬) આ કામે ફરીયાદપક્ષના પુરાવાના અંતે બી.એન.એસ.એસ.ની કલમ ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનો વિશેષ જવાબ લેવામાં આવેલ છે. આરોપી તેમના વિશેષ નિવેદનમાં જણાવે છે કે, તેઓ નિર્દોષ છે અને તેમની ઉપર ખોટો કેસ કરેલ છે.

(૭) આ કામે અમોએ એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીને સાંભળેલ છે.

(૮) આ કામે પડેલ પુરાવા ધ્યાને લેતાં આ કેસના ન્યાયિક નિર્ણય માટે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૮/૧૦/૨૦૨૫ ના ક.૧૩/૧૫ વાગે મોજે પથીકા ત્રણ રસ્તા ખાતે પોતાના કબ્જાની બ્લેક કલરની હીરો કંપનીની સ્પેલેંડર મો.સા જેનો રજી નં–GJ–૨૨–B–૯૨૨૬ ની જાહેર રોડ ઉપર ગફલતભરી રીતે લાયસન્સ વગર હંકારી લાવી વાહન ચેકીગ દરમ્યાન પકડાઈ જઈ,બી.એન.એસ.એસની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૩,૧૮૧,૧૭૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓ અંગેના ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

**૧.** નકારમાં,

**૨.** આખરી હુકમ મુજબ

**::–કારણો–::**

**<u>મુદ્દા નં.૧:–</u>**

**(૧૦) –::પુરાવાનું મૂલ્યાંકન::–**

સદર કેસમાં રજૂ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું બારીકાઇથી મૂલ્યાંકન શરુ કરવામાં આવે તે પહેલા પુરાવાના બોજા વિશે વાત કરવી આવશ્યક જણાતી હોય તે નીચે મુજબ છે.

**(૧૧)પુરાવાનો બોજો (Burden of Proof):–**

અત્રેની અદાલત પુરાવા અધિનિયમના એ સિધ્ધાંતથી સુવિદિત છે કે જો ફરીયાદીની એકમાત્રની જુબાની વિશ્વાસપાત્ર અને માનવાલાયક હોય તો તે આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય અને તેની સાથે પુરાવા અધિનિયમના એ પ્રસ્થાપિત સિધ્ધાંતથી પણ વાકેફ છે કે આરોપી સામેનો કોઇપણ અપરાધ હંમેશા નિ:શંકપણે પુરવાર થવો જોઇએ અને તેમાં સહેજ પણ શંકા ઉપજે તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. તે સાથે ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ 'પુરાવાનું મૂલ્યાંકન' એ શબ્દને પુરાવાના કાયદામાં ક્યાય પણ વ્યાખ્યા સ્વરૂપે સુલેખિત કરવામાં આવેલ નથી અને તે માટે કાનુન સમર્પિત કોઇ નિયમ નથી જેથી પુરાવાનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકત અને સંજોગો પર નિર્ધારીત હોય છે અને પુરાવાના મૂલ્યાંકન માટે અધિનિયમની ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૩૯ ની જોગવાઈ મુજબ કોઈ હકીકત પુરુવાર કરવા ચોક્કસ સંખ્યામાં સાક્ષીઓ તપાસવા એ જરૂરી નથી અને કલમ–૩ મુજબ Proved, Disproved and Not proved ના ખ્યાલ/ધારણા મુજબ દરેક કેસના સંજોગો અને તેમાં પડેલ પુરાવાઓ મુજબ તેની હકીકતો પુરવાર થયેલ છે કે કેમ તે માટેનો પુરાવાનો બોજો હંમેશા ફરીયાદપક્ષ પર હોય છે પરંતુ તે સાથે જે તે કેસના સંબંધિત કાયદા અંતર્ગત જ્યારે આરોપી વિરુધ્ધ કોઈ વિશિષ્ટ અનુમાન કરવામાં આવેલ હોય ત્યારે તે અનુમાનનું ખંડન કરવાની જવાબદારી બચાવપક્ષની એટલે કે આરોપીની રહે છે. આમ, પ્રસ્તુત વર્ણવેલ સિંદ્ધાત અનુસાર નીચે મુજબ પુરાવાનુ મુલ્યાંકન કરેલ છે.

**(૧૨)** ફરીયાદપક્ષે પંચસાહેદ વિષ્ણુભાઇ નાગજીભાઇ તડવીને આંક–૧૦ થી અને પંચસાહેદ પ્રકાશભાઇ પ્રેમાભાઇ તડવીને આંક–૧૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદની રૂબરૂમાં આરોપીની અટક કરેલ હોવાનો ફરીયાદપક્ષનો કેસ છે. પરંતુ આ પંચસાહેદો તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૧૧ થી રજુ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા ન હોઈ તેમને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટ તપાસ કરવા પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ છે. પરંતુ સદર એ.પી.પી.શ્રી દવારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ સદર પંચસાહેદો પંચનામાની હફીકતોને લેશમાત્ર સમર્થન આપતા નથી. જેથી ફરીયાદપક્ષ હકીકતોને

પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**(૧૩)** વધુમાં સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાની હકીકતના સમર્થનમાં ફરીયાદી અમરસિંહ ખાતુડીયાભાઈને આંક–૦૮ થી તથા ત.ક.અમલદાર અરવિંદભાઈ કીલ્યાભાઈને આંક–૧૩ થી સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસની હકીકતો તેમજ આંક–૦૯ વાળી ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે. જે તેમની સરતપાસ તથા ઉલટતપાસનો સંપુર્ણપણે અભ્યાસ કરવામાં આવેલ.

**(૧૪) બી.એન.એસ. ની કલમ ૨૮૫:–જાહેર માર્ગ પર બેફામપણે હંકારવું કે સવારી કરવી.**

કોઈપણ વ્યકિત, બહુજન સમુદાયની જીંદગી ભયમાં અથવા અન્ય વ્યક્તિએ વ્યથા કે હાનિ થવા સંભવ હોય તેમ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક સરીયામ રસ્તા પર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ માસ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે આ કલમના તત્વો નીચે મુજબ છે.

**આ કલમના તત્વો નીચે મુજબ છે.**

(૧) જાહેર રસ્તા પર વાહન ચલાવવું અથવા સવારી કરવી,

(૨) બેફામપણે અથવા બેદરકારી પૂર્વક આવું વાહન ચલાવવું અથવા આવી સવારી કરવી.

(૩) જે કારણે બહુજન સમુદ્ધાયની જિંદરી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાનિ થવા સંભવ હોય.

**(૧૪.૧)** ઉપરોકત હકીકતોના અનુસંધાને ફરીયાદપક્ષ તરફથી બી.એન.એસ. ની કલમ–૨૮૧ ના તત્વો પુરવાર કરવા માટે વાહન ચાલક બેદરકારીપૂર્વક વાહન ચલાવતા હતા અથવા બેફામપણે વાહન ચલાવતા હતા અને આરોપીએ આ રીતે વાહન ચલાવેલ હોઈ તેવુ ફરીયાદપક્ષે પુરવાર કરવું પડે. પરંતુ રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં આ કામના ફરીયાદી અને ત.ક.અમલદાર આરોપીના વાહન ધ્વારા અન્ય કોઈ વાહનનો અકસ્માત થયેલો હોય તેવુ કંઈ બનેલ ન હોવાની તેમજ આરોપીએ વાહન વાકુચુકુ ચલાવી કે લેન બદલીને કોઈને ઈજા થાય તે રીતે ચલાવેલ ન હોવાથી તેમજ બનાવવાળી જગ્યા ફોરલેન ડીવાઈડરવાળો રોડ હોવાથી તેમજ બનાવવાળી

જગ્યાએ વાહનની સ્પીડની લીમીટ નક્કી કરતુ કોઈ બોર્ડ મુકવામાં આવેલ ન હોવાની તેમજ આરોપીના વાહનની ચોક્કસ સ્પીડ કેટલી હતી તે પંચનામામા કે ફરીયાદમાં દર્શાવેલ ન હોવાની હકીકત કબુલ રાખે છે. તેમજ પંચસાહેદોને આ કામે તપાસતા તેઓ સદર પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી. જેથી એવુ માની શકાય કે આરોપી બેફીકરાઈ અને ગફલતભરી રીતે વાહન ચલાવેલ હોય તેવી કોઈ હકીકતને તેઓની જુબાનીમાં સમર્થન મળતુ નથી કે રેકર્ડ ઉપર આવતી નથી. ઉપરોકત તમામ રેકર્ડ પરના પુરાવાઓને ધ્યાનમાં લઈએ તો આરોપીએ વાહન ચલાવતી વખતે કોઈ અકસ્માત કરેલ હોય કે અકસ્માતથી કોઈને ઈજા કરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. તેમજ આરોપી પોતાનું વાહન બેદરકારીપુર્વક ચલાવતા હતાં તેવી કોઈપણ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. તે બાબતે ફરીયાદપક્ષ લેશમાત્ર પુરાવો રજુ કરતાં ન હોય તે અંગે સચોટ પુરાવો રજુ થતો નથી. ગુનામાં રહેલા તત્વો માટે અનુમાન કરી શકાય નહી. પરંતુ બેદરકારી પુરવાર કરવી જોઈએ. હવે આ સંજોગોમાં ફરીયાદ પક્ષ બી.એન.એસ.ની કલમ ૨૮૧ ના તત્વો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોવાનું રેકર્ડ ઉપરથી સ્પષ્ટ રીતે ફલીત થાય છે.

**(૧૪.૨)** આ કામના આરોપી સામેના ભારતીય ન્યાય સંહીતાની કલમ ૨૮૧ નાં ઉપર જણાવેલ તમામ તત્વો પુરવાર કરવામા ફરીયાદ પક્ષ સંપુર્ણપણે નિષ્ફળ નિવડેલ છે.આ કામે આરોપી સામે મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૧,૧૭૭,૩ મુજબનો ગુનો પણ નોંધાયેલ છે. પરંતુ સદર મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૧,૧૭૭,૩ અન્વયે મોટર વ્હીકલ એકટની કલમ-૨૦૯ દોષિત ઠરાવવા ઉપર નિયંત્રણની આદેશાત્મક જોગવાઈઓનું જ્યારે પાલન થયેલું હોય ત્યારે જ મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૧,૧૭૭,૩ અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. હાલનાં કેસમાં મોટર વ્હીકલ એકટની કલમ ૨૦૯ ની આદેશાત્મક જોગવાઈનું પાલન થયેલું ન હોય જેથી સદર કલમનો લાભ આરોપીને મળવાપાત્ર હોય આરોપીને સદર મોટર વ્હીકલ એકટની કલમ-૧૮૧,૧૭૭,૩ મુજબનાં ગુનામાં પણ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૪.૩)** આમ, ફરીયાદપક્ષ તરફે આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર થયેલો ન હોય અને ફરીયાદપક્ષના પુરાવાઓના અભાવને કારણે

તેમજ આરોપીને તેનો લાભ અવસ્યપણે મળી શકે તેવુ કોર્ટનું માનવું છે. આમ ફરીયાદપક્ષ આરોપી સામેના આક્ષેપો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું માની **મુદ્દા નં–૧** નકારમાં ઠરાવી **મુદ્દા નં–૨** અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામના આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૮ (૧) અન્વયે બી.એન.એસ. ની કલમ ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૧૮૧,૧૭૭,૩ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ. ની કલમ ૪૮૧ અન્વયે આરોપના જામીન તથા જાત મુચરકા અપીલ સમય માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીએ અપીલ સમય માટે રૂ.૧૫,૦૦૦/– ના જાતજામીન રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૮ મી,માહે એપ્રિલ,સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સભળાવી જાહેર કર્યો

**તા.૨૮/૦૪/૨૦૨૬**

**સ્થળ: ગરૂડેશ્વર**

**(જે.એમ.દવે)**
**જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**ગરુડેશ્વર, જી.નર્મદા**
**જીજે.૦૧૬૨૭**